**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ**

(ગુજરાત સરકારનું સાહસ)

અધિક્ષક ઈજનેરશ્રી (દ.ગુ) ની કચેરી,

નાનપુરા, ગુ.ઔ.વિ.નિ., સુરત..

ફોન નંબર (૦૨૬૧) ૨૪૭૩૭૨૯

**જાહેર નિવિદા નં.૦૯ /૨૦૧૮-૧૯**

અધિક્ષક ઈજનેરશ્રી(દ.ગુ), જી.આઈ.ડી.સી., સુરતનાં તાબા હેઠળ આવેલ કાર્યપાલક ઈજનેરશ્રી, જીઆઈડીસી, વાપી ફોન:૦૨૬૦-૨૪૩૦૮૮૩ હસ્તકનાં અ.નં.૦૧ થી ૧૨ કામની અંદાજીત કિંમત રૂ.૪.૯૨ લાખ થી રૂ.૧૨૭.૯૯ લાખની વચ્ચે છે. આ કામ માટે અ.નં. ૦૧ થી ૦૨ ઓફલાઈન ટેન્ડરો પધ્ધતિથી તથા અ.નં. ૦૩ થી ૧૨ ઓનલાઈન પધ્ધતિથી મંગાવવામાં આવે છે.

ઓનલાઈન ટેન્ડર માટે ટેન્ડર ભરવાની કાર્ય પધ્ધતિ, સંબંધિત વિગતો જેવી કે ટેન્ડર ફી, **EMD** વગેરેની માહિતી વિગતવાર ટેન્ડર નોટીસમાં આપવામાં આવેલ છે. જે રસ ધરાવતાં ઈજારદારોએ વંચાણે લેવા વિનંતી છે. જે એક ટેન્ડર એગ્રીમેન્ટનો ભાગ છે.

ઓફલાઈન કોરા ટેન્ડર ફોર્મ ઈસ્યુ કરવાની તારીખ. ૦૫/૦૩/૨૦૧૯ થી તા. ૧૨/૦૩/૨૦૧૯ કચેરી સમય દરમ્યાન જે તે કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીમાંથી જારી કરવામાં આવશે. ભરેલ-પત્રકો સ્વીકારવાની આખરી તા.૨૦/૦૩/૨૦૧૯ સમય સાંજે ૧૭:૦૦ કલાક સુધીમાં સ્વીકારવામાં આવશે અને આવેલ ટેન્ડરો તા.૨૨/૦૩/૨૦૧૯ના રોજ ૧૨:૦૦ કલાકે ખોલવામાં આવશે.

આ કામોની વિગતવાર જાહેર નિવિદા ઓફિસનાં નોટીસ બોર્ડ ઉપર, જી.આઈ.ડી.સી.ની વેબસાઈટ **www.gidc.gov.in** તેમજ માહિતી ખાતાની **www.statetenders.com**માં જોઈ શકાશે. વધુ માહિતીની જરૂરિયાત હોય તો, જે તે સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીએથી કામકાજનાં સમય દરમિયાન મેળવી શકાશે. સદર કામોનાં દસ્તાવેજી પુરાવાનાં કવર ઉપર કામનું નામ, ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ તેમજ ટેન્ડરો ખોલવાની તારીખ અવશ્ય લખવાની રહેશે. વેક્સ અથવા ટેપથી સીલ કર્યા વગરનાં કવરો સ્વીકારવામાં આવશે નહિ. બાના મુક્તિ પ્રમાણપત્ર ગ્રાહ્ય/સ્વીકાર્ય નથી જેની નોંધ લેવી. નિવિદામાં જણાવેલ કોઈ પણ અથવા બધા ટેન્ડરો કારણ જણાવ્યા વગર સ્વીકારવા, ન સ્વીકારવા, રદ કરવા એ નિગમનો અબાધિત અધિકાર છે. જે તમામને બંધનકર્તા રહેશે. અધિકૃત વેબ-સાઈટ પર ટેન્ડરને લગતા તમામ સુધારા / વધારા ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ સુધી જોઈ શકાશે.

**સહી/-**

**અધિક્ષક ઈજનેર (દ.ગુ)**

**ગુ.ઔ.વિ.નિ., સુરત.**